પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. પોલીસ દ્વારા રાજ્યમાં નશામુક્ત ભારત અભિયાનનો અસકારક રીતે અમલ - સુરત પોલીસે એક જ દિવસમાં NDPSના 17 કેસ કર્યા.
2. રાજકોટના જેતપુર પાસે ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનની અડફેટે બે સિંહણના મોત.
3. PG મેડિકલમાં બેઠકો વધતાં ત્રણ કોલેજોમાં ફીમાં ઘટાડો કરાયો.
4. આજે ગુરૂનાનક જયંતી અને કાર્તિક પૂર્ણિમાની ઉજવણી - ગુરૂદ્વારા અને દેવાલયોમાં વિશેષ કાર્યક્રમો
5. જૂનાગઢની લીલી પરિક્રમામાં સેંકડો લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો
6. પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ભારત-Aનો મુકાબલો UAE સામે.

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

SURAT NDPS CASES

રાજ્યમાં નશામુક્ત ભારતના અભિયાનનો અસરકારક રીતે અમલ કરવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત સુરત શહેરમાંથી પોલીસે **24** કલાકની કડક કાર્યવાહી દરમિયાન **17 NDPS** કેસ નોંધ્યા છે અને **22** આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં પાંડેસરામાં સૌથી વધુ લગભગ **27** લાખ રૂપિયાની કિંમતનો **55** કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે.

આ અંગેની વધુ માહિતી આપતા અધિક પોલીસ કમિશનર કરણરાજ સિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આ તમામ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરીને તેમની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

BYTE KARANSINH VAGHELA, ADDITIONAL COMMISSIONER OF POLICE, SURAT

RAJKOT LIONESS DEATH

રાજકોટ જિલ્લાના જેતપુર નજીક ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન અડફેટે બે સિંહણ આવી જતા બંનેના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા. અકસ્માતના પગલે ટ્રેનને રોકી દેવામાં આવી હતી.

ટ્રેન ઢસા જેતલસર બ્રોડગેજ ટ્રેક પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અંદાજિત ત્રણ વર્ષની બે સિંહણના મૃત્યુ નીપજયા છે. રાજકોટ ઉપરાંત જૂનાગઢ અને ગોંડલથી પણ ફોરેસ્ટની ટીમ ઘટનાસ્થળ પર પહોંચવા રવાના થઈ હતી.

BHAVNAGAR FIRE

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી મિલની ચાલીમાં ભંગારના વ્યવસાય દરમિયાન સ્પ્રેની બોટલોમાં અચાનક બ્લાસ્ટ થતાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ત્રણથી વધુ બાળકો અને મહિલા સહિત આશરે સાતથી આઠ લોકો ગંભીર રીતે દાઝી ગયાં હતા.

તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં કેટલાક દર્દીઓની હાલત ગંભીર છે.

BJP PRESS

26 નવેમ્બર - સંવિધાન ગૌરવ દિવસ અન્વયે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરતા ભાજપાના સિનિયર આગેવાન અને રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી આઇ. કે. જાડેજાએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 26 નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે જાહેર કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને રાષ્ટ્રીય સન્માન આપ્યું છે.

ભાજપા માટે સંવિધાન ગૌરવ દિવસ માત્ર ઉજવણી નહીં, પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને બંધારણીય મૂલ્યોને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ છે. ભાજપા સરકારે ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને મૂલ્યોને વિવિધ જનકલ્યાણની યોજનાઓ થકી જનજન સુધી પહોંચાડી બંધારણનું ગૌરવ વધાર્યું છે.

AMTS SMART BUS STOP

અમદાવાદની **AMTS**ના **800** બસ સ્ટેન્ડને સ્માર્ટ બસ સ્ટોપ તરીકે વિકસાવવામાં આવશે.

AMTSના ચેરમેન પરાગ નાઈકે જણાવ્યું કે, અમદાવાદમાં કોમનવેલ્થ અને આંતરરાષ્ટ્રીય રમતોના આયોજનને ધ્યાને રાખીને શહેરની જાહેર પરિવહન અને સંલગ્ન સેવાઓ વધુ આધુનિક બનાવશે. જેમાં **800** જેટલા બસ સ્ટોપને **BOT** ધોરણે વિકસાવાશે, જ્યાં બસનો અંદાજિત સમય દર્શાવતી ડિસ્પ્લે, રિફ્રેશમેન્ટ-વાઇફાઈ વગેરે સુવિધા પણ હશે.

PG MEDICAL - FEE GHATADO

PG મેડિકલમાં બેઠકો વધતાં ત્રણ કોલેજોમાં ફીમાં સામાન્ય ઘટાડો કરાયો છે. રાજ્યમાં પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત તાજેતરમાં **378** બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. બેઠકો વધતાં ત્રણ કોલેજો - પારૂલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, સી.યુ. શાહ મેડિકલ કોલેજ અને ડૉ. એન.ડી. દેસાઇ ફેકલ્ટી ઓફ મીડિકલ સાયન્સ કોલેજમાં ફીમાં **50** હજારથી એક લાખ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

બનાસ મેડિકલ કોલેજમાં ચાલૂ વર્ષે **PG** બેઠકને મંજૂરી મળવાને કારણે એડહોક ફી જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, **PG** મેડિકલના **MD-MS**માં હાલમાં પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે.

પહેલા રાઉન્ડ બાદ જુદી-જુદી મેડિકલ કોલેજોમાં **378** બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. આ બેઠકો બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવી છે.

PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29 નવેમ્બરના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 140મો એપિસોડ હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય શેર કરી શકે છે.

નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો આપી શકે છે.

આગામી એપિસોડ માટેના વિચારો અને સૂચનો આ મહિનાની 27મી તારીખ સુધી સ્વીકારાશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

KARTIKI PURNIMA

રાજ્યમાં આજે કાર્તિકી પૂર્ણિમા અને ગુરૂનાનક જયંતી ઉજવવામાં આવી રહી છે. રાજ્યના વિવિધ તીર્થસ્થાનોમાં ભગવાનને રંગબેરંગી શણગાર અને અન્નકૂટ ધરવામાં આવશે. યાત્રાધામ શામળાજીમાં આજે કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. શામળાજી મંદિર પરિસર અને શિખરને રોશનીથી શણગારાયું છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂનાનક જયંતિ નિમિત્તે ગાંધીનગરના ગુરુદ્વારા ખાતે બપોરે દર્શન કરીને આશીર્વાદ મેળવશે.

આ ઉપરાંત આજે દેશભરમાં શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવજીનો **557**મો પ્રકાશ પર્વ - ગુરુ નાનક જયંતીની પણ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. દેશભરના ગુરુદ્વારાઓમાં સવારથી મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે.

CM - TODAY SCHEDULE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે **10.30** વાગ્યે સાબરકાંઠાના હિંમતનગર ગંભોઇ હાઇ-વે પર આવેલ અર્બુદા સંસ્કારધામ ખાતે શ્રી અર્બુદા માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમમાં હાજરી આપશે.

સાંજે **4** વાગ્યે મુખ્યમંત્રી અમદાવાદના નારણપુરમાં આવેલ વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે **3**જી ઓલ ઇન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર **2026-27**ના સમાપન સમારોહ કાર્યક્રમમાં હાજરી આપશે.

WEATHER

રાજ્યમાં 30 નવેમ્બર સુધી હવામાન સામાન્ય રીતે સૂકું રહેશે. આ સમયગાળા દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન મુખ્યત્વે ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાય તેવી સ્થિતિ બની રહેશે તેમ હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

BYTE: DR. A. K. DAS, IMD

JUNAGADH LILI PARIKRAM ENDS

જૂનાગઢમાં ગિરનારની 36 કિમી લાંબી લીલી પરિક્રમા પૂર્ણ થઇ રહી છે. લાખોની સંખ્યામાં ભક્તજનોએ ગિરનારની પરિક્રમા પૂર્ણ કરી છે. ગુરુ દત્તાત્રેયના દર્શન માટે ભક્તો ગિરનારના ગુરુ શિખર પર ઉમટી પડ્યા હતા, જેમાં પહેલી વાર ભાગ લેનાર શુભાંગી પાટિલ સહિત મુંબઈના શ્રદ્ધાળુઓએ પહેલી વાર આ પરિક્રમા કરી હતી.

પરિક્રમા કરનાર મુંબઇના શુભાંગીની પાટિલે જણાવ્યુ હતું કે, આ અનુભવ અદભૂત અને અલૌકિક રહ્યો હતો.

BYTE: SHUBHANGI PATIL, SHRADDHALOO, MUMBAI

MEN'S ASIA CUP RISING STARS CRICKET

પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ભારત-Aનો મુકાબલો UAE સામે થશે. આ મેચ દોહામાં ભારતીય સમય મુજબ બપોરે 11.30 વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ તિલક વર્માની કેપ્ટનશીપમાં રમી રહી છે.

દરમિયાન પહેલી મેચમાં ભારતે નેપાળને 306 રનથી હરાવ્યું હતું, જ્યારે બીજી મેચમાં પાકિસ્તાન-A ટીમે ભારતને 48 રનથી હરાવ્યું હતું.

MAHISAGAR - VIJ PURVATHO

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં આજે વીજ પુરવઠો બંધ રહેશે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ - **MGVCL** દ્વારા સમારકામ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી ખાનપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાં સવારે નવ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે.

ખુટેલાવ, ભાદરડેમ અને ભુવાબાર ફીડર બંધ કરવામાં આવશે, જેના કારણે આઠ હજાર વીજ ગ્રાહકને અસર થશે.

PENSION ADALAT

પોસ્ટ વિભાગના **R.M.S. A.M** વિભાગમાંથી નિવૃત થયેલા પેન્સનર્સ માટે પેન્શન અદાલતનું આયોજન પહેલી ડિસેમ્બરના રોજ 11 વાગ્યે શાહીબાગ અમદાવાદ ખાતે કરવામાં આવશે. નિવૃત થયેલા પેન્શનર્સને કોઈ ફરિયાદ હોય તો આગામી 26 નવેમ્બર સુધી આસિસટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ **R.M.S. A.M** વિભાગની કચેરી, શાહીબાગ, અમદાવાદ 380004 ને મોકલવાની રહેશે.